પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬૨ | ૧૩ મે, ૨૦૧૯, સોમવાર; વૈશાખ સુદ-૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### કાનપુર અગરબત્તી ફેક્ટરીમાં ભીષણ આગ

કાનપુરના જાજમઉ વિસ્તારમાં મોટી દુર્ઘટના ઘટી છે. અહીં અગરબત્તી ફેક્ટરીમાં શોર્ટસર્કિટથી ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં છ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ફાયરબ્રિગેડે ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવાની કામગીરી કરી હતી.

### નેપાળમાં ૧૨ ભારતીયોની ધરપકડ

હિમાલયી દેશ નેપાળમાં કથિત રીતે ગેરકાયદેસર રીતે નેટવર્કિંગનો બીઝનેસ ચલાવવાના આરોપો હેઠળ ૧૨ ભારતીયોની ધરપકડ કરવામાં આવી છે. એક રીપોર્ટ અનુસાર બધા ઉત્તરપ્રદેશના રહેવાસી છે.

### પાકમાં વધુ ૧૧ સંગઠનો પર પ્રતિબંધ

પાકિસ્તાન સરકારે લાહોરના ૧૧ સંગઠનો પર પ્રતિબંધ લગાવી દીધો છે. જૈશ એ મોહમ્મદ અને જમાત ઉદદાવા જેવા આતંકી સંગઠનો સાથે કનેક્શન હોવાના આરોપો હેઠળ આ સંગઠનો પર પ્રતિબંધ મુકાયો છે.

### દાદર પોલીસ સ્ટેશન કેમ્પસમાં આગ

દાદર સ્થિત એક ઈમારતના ત્રીજા માળે અચાનક આગ લાગી ગઈ હતી. આગ લાગવાથી ૧૫ વર્ષિય કિશોરીનુ મૃત્યુ નીપજ્યુ છે. આ ઈમારત દાદર વેસ્ટ પોલીસ સ્ટેશનના કેમ્પસમાં છે. આ આગ સિલિન્ડર ફાટવાને કારણે લાગી હોવાની આશંકા છે.

# પશ્ચિમ બંગાળમાં હિંસા વચ્ચે ૮૦ ટકા મતદાન

**પશ્ચિમ બંગાળમાં ૮૦.૧૬ ટકા, હરિયાણા ૬૨.૯૧, ઝારખંડમાં ૬૪.૪૬ ટકા, ઉત્તરપ્રદેશમાં ૫૩.૩૭, દિલ્હીમાં ૫૬.૧૧ ટકા, બિહારમાં ૫૯.૨૯ ટકા અને મધ્યપ્રદેશમાં ૬૦.૪૦ ટકા મતદાન : છઠ્ઠા તબક્કામાં ૫૯ બેઠકો પર સરેરાશ ૬૩.૩૦ ટકા મતદાન**

નવી દિલ્હી,તા. ૧૨

લોકસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે સઘન સુરક્ષા




વચ્ચે ૬૧ ટકાથી વધુ મતદાન થયું હતું. આની સાથે જ છ તબક્કાની ચૂંટણી પૂર્ણ થઈ ચુકી છે. હવે માત્ર એક તબક્કામાં મતદાન બાકી છે. ત્યારબાદ ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવશે. અગાઉના પાંચ તબક્કાની જેમ જ છઠ્ઠા તબક્કામાં પણ બંગાળમાં હિંસા વચ્ચે ૮૦ ટકાથી વધુ મતદાન થયું હતું. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પ્રમાણમાં ઓછુ મતદાન થયું હતું. ઉત્તર પ્રદેશમાં પણ ઓછુ મતદાન નોંધાયું હતું. કેટલીક જગ્યાએ ૫૫થી ૬૦ ટકા વચ્ચે મતદાન થતા ભાજપ અને કોંગ્રેસ સહિત રાજકીય પક્ષોમાં ઉત્તેજના ફેલાઈ ગઈ છે. મોટા ભાગના રાજ્યોમાં આજે સરેરાશ મતદાન થયું હતું. છ વાગ્યા સુધી દિલ્હીમાં ૫૬.૨૭, બિહારમાં ૫૯.૨૯, મધ્ય પ્રદેશમાં ૬૦.૪૦, બંગાળમાં ૮૦.૧૬, હરિયાણામાં ૬૨.૯૫, ઝારખંડમાં ૬૪.૪૭ ટકા થયું હતું. લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને હરિયાણા સહિત સાત રાજ્યોને આવરી લેતી લોકસભાની ૫૯ સીટ પર આજે મતદાન યોજાયુ હતું. આ તબક્કામાં આશરે ૧૦ કરોડ ૧૬ લાખથી વધુ મતદારો પૈકી ૬૧ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આજના મતદાનની સાથે જ ચૂંટણી મેદાનમાં રહેલા ૮૩ મહિલા ઉમેદવાર સહિત ૯૭૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર



# ભાજપના ઉમેદવાર પર હિંસક હુમલો

**ભાજપના ઉમેદવારના વાહનને પણ નુકસાન : મતદાન મથકની મુલાકાત લઈ રહ્યા હતા ત્યારે જ હુમલો કરાયો : સીઈઓ દ્વારા અહેવાલની માંગ કરવામાં આવી**

કોલકાતા,તા.૧૨

પશ્ચિમ બંગાળમાં આજે લોકસભાની ચૂંટણી માટે છઠ્ઠા તબક્કામાં મતદાન થયું હતું. મતદાન દરમિયાન બંગાળમાં હિંસા થઈ હતી. ભાજપના ઉમેદવાર ભારતી ઘોષ ઉપર સ્થાનીક લોકો દ્વારા બે વખત હુમલો કરવામાં આવ્યો હતો. પૂર્વ આઈપીએસ ઓફિસર ભારતી ઘોષે આજે મતદાન દરમિયાન



પોતાના ઘાતલ લોકસભા મતવિસ્તારમાં પોલિંગ સ્ટેશનની મુલાકાત લેવાના પ્રયાસ કર્યા ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાના બે બનાવો પૈકીના એકમાં પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેમના તેમના સુરક્ષા ગાર્ડ પૈકીના એકને ઈજા થઈ હતી. હવે આ બનાવના સંદર્ભમાં પશ્ચિમી મિદનાપુર જિલ્લા મેજીસ્ટ્રેટ

● અનુસંધાન પાન-૭ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

# અલવર ગેંગ રેપના મુદ્દે રાજકીય ઘમસાણ સર્જાયું

**ગહેલાત સરકારને ટેકો પાછો ખેંચી લેવાનો માયાને પડકાર**

દેવરિયા,તા. ૧૨

રાજસ્થાનના અલવરમાં ગેંગ રેપને લઈને રાજકીય ઘમસાણની સ્થિતી જોવા મળી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દાને લઈને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી-તેમજ બહુજન સમાજવાદી પાર્ટી પર તેજાબી પ્રહારો કર્યા બાદ આ મુદ્દો જોરદાર રીતે ઉઠી રહ્યો છે. અલવરમાં પતિની સામે મહિલા પર સામુહિક ગેંગ રેપની શરમજનક ઘટનાનો ઉલ્લેખ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બસપાના વડા માયાવતીને રાજસ્થાન સરકારને કોંગ્રેસ સરકારને ટેકો પાછો ખેંચી લેવા માટે ખુલ્લો પડકાર ફેંક્યો હતો. આજે ઉત્તરપ્રદેશના જુદા જુદા વિસ્તારમાં ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કહ્યુ હતુ કે એક દલિતની પુત્રીની સાથે રાજસ્થાનના અલવરમાં ગેંગરેપની શરમજનક ઘટના બની છે. પરંતુ તેમના પર રાજનીતિ કરનાર માયાવતી મૌન

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્રિય દળોના ગણવેશમાં સંઘના કાર્યકરો પહોચ્યા છે : મમતા

કોલકાતા,તા.૧૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે ભાજપ સરકાર પર મતદારોને પ્રભાવીત કરવા માટે કેન્દ્રીય દળોના પ્રયોગ કરવાનો આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે, તેમને શંકા છે કે, ભાજપ અને સંઘના કાર્યકરો ચૂંટણી માટે દળોના વર્ધી પહેરીને રાજ્યમાં પ્રવેશ કરી રહ્યા છે. બીજી બાજુ કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું છે કે, દેશ સ્થાયી અને નિર્ણાયક વડાપ્રધાન ઈચ્છે છે. કોન્ટ્રાક્ટ ઉપર વડાપ્રધાન ઈચ્છુક નથી. મમતાએ કહ્યું હતું કે, તેઓ કેન્દ્રીય દળોનું અપમાન કરી રહ્યા નથી. પરંતુ મતદારોને પ્રભાવિત કરવા માટેના નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, મતદારોને પ્રભાવિત કરવા માટે ભાજપ સરકાર પ્રયાસ કરી રહી છે. પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય દળોની નિમણૂંક કરવાના નામ ઉપર ભાજપ દ્વારા બળજબરીથી સંઘ અને ભાજપના કાર્યકરોને મોકલવામાં આવી રહ્યા છે.




Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com




GRAND i10 Benefits up to ₹95,000* (P/D) | Lowest cost of maintenance ₹2,618## | SANTRO Benefits up to ₹ 31,000* | Lowest cost of maintenance ₹2,468## | ELITE i20 Benefits up to ₹ 20,000* (P/D) | Lowest cost of maintenance ₹2,793##

i20 ACTIVE Benefits up to ₹20,000* (P/D) | XCENT Benefits up to ₹85,000* (P/D) Special Price for XCENT VTVT (S) @ ₹ 5.49 Lakh* | VERNA Benefits up to ₹30,000* (P/D) | ELANTRA Benefits up to ₹2,00,000* (P/D) | TUCSON Benefits up to ₹1,00,000* (P/D)

Lowest EMI of ₹1 234/Lakh~ for 1st year | ^^Special offer for select corporates, SMEs and PSUs | XCENT PRIME also available with factory fitted CNG | Hyundai is now available at DGS & D and CSD, contact us at rajeshsharma@hmil.net

For more details, give a missed call on 7676224330 | www.hyundai.co.in | Lowest cost of maintenance since 2017.## | Book online at https://book.hyundai.co.in | • 3 Years/Unlimited kms Warranty** • 3 Years Road Side Assistance (RSA) | Available as standard fitment across range.

HYUNDAI

www.hyundai.co.in m.hyundai.co.in | PRIDE OF India Exclusive offer for Govt.Employees | SMS HCARE to 54242 For HYUNDAI CARE Mobile App | PROMISE APPROVED USED CAR | SMS Hyundai to 56677, for Test Drive | 24x7 Road Assist. 1800 102 4645, 0124 256 4645 | To know more SMS "Hyundai <space> Win" to 56677 Special offers for rural customers on Eon, i10, Grand (D) and Xcent.

PUNJAB HYUNDAI ✆ 78200 03300

Plot No. 1004/A. Sectar 28, GIDC, Opp, DSP Office, GANDHINAGAR | 2/5 Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mehsana Highway, KALOL ✆ 99250 04743 | Nr. Atithi Hotel. Opp. Ashirwad Hospital DEHGAM ✆ 98250 42175